અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ફેલોશીપ આપવા માટેના વિનિયમોની રકમમાં ફેરફાર કરવા અંગે.

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

<u>વંચાણે લીધા</u> : તા.૨૯–૧૦–૨૦૨૧ ના રોજ વી.સી.કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર : ૫૫.૧૦

## :: જાહેરનામું ::

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા.૨૯–૧૦–૨૦૨૧ ના રોજ વી.સી. કોન્ફરન્સ હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મળેલ નિયામક મંડળની ૫૫મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નંબર : ૫૫.૧૦ થી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાપરિષદની ૫૨મી બેઠકનાં મુદ્દા નં.૫૨.૧૧ ની ભલામણ મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના પ્રવર્તમાન નિયમોને આધિન અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓને આપવામાં આવતી અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની ફેલોશીપ યોજનાના નિયમ V મુજબ પ્રતિમાસ વિદ્યાર્થી દીઠ રૂા.૧૫૦૦/– લેખે માસ્ટર ડીગ્રી અને રૂા.૨૦૦૦/– લેખે પી એચ.ડી.ડીગ્રીમાં આપવામાં આવે છે તેને બદલે નિયામક મંડળની ભલામણ સાથે રાજય સરકારશ્રીની મંજુરી મળ્યેથી બજેટમાં જોગવાઈ થયા બાદ પ્રતિમાસ વિદ્યાર્થી દીઠ રૂા.૫૦૦૦/–લેખે (ICAR NTS ના સુધારેલ દર પ્રમાણે) માસ્ટર તેમજ પીએચ.ડી ડીગ્રીમાં આપવા તથા ICAR NTS ની રકમમાં વખતોવખત થતાં ફેરફારો મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટેની ફેલોશીપ યોજના માટે સમાન રીતે અમલવારી કરવા રાજય સરકારશ્રીને મંજુરી આપવા નિયામક મંડળ ભલામણ કરે છે."

(ડી.એચ.પટેલ)
નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

જા.નં.આકૃયુ/વિક/એએયુપીજી નિયમો/૧૨૪૪–૧૨૬૯ /૨૦૨૧
તારીખ: ૨૪/૧૧/૨૦૨૧

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧. નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૩. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
૪. તમામ આચાર્ય/ડીનશ્રીઓ તરફ જાણ સારૂ.

**<u>નકલ રવાના :</u>**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ
૩. એકેડેમીક / બોર્ડ/પરીક્ષા શાખા તરફ (૧૦ નકલો)
૪. સિલેકટ ફાઈલ / જાહેરનામા ફાઈલ